# દારૂડિયા પિતાને બાળક સોંપવા HCનો ઈનકાર

**સુરતનો** કિસ્સો, પહેલી પત્ની થકી જન્મેલાં બે સંતાન, શરૂઆતથી જ દાદા-દાદી, ફોઈ પાસે રહેતાં હતાં

**છૂટાછેડા** થતાં પિતા સંતાનોને છોડી અન્યત્ર રહેવા ગયા હતા, દાદા-દાદી અને ફોઈની રજૂઆતો કોર્ટે માન્ય રાખી

સુરતઃ પિતાએ ૧૪ વર્ષના પુત્ર અને નવ વર્ષની પુત્રીની કસ્ટડી માટે હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી કરી દાવો કર્યો હતો કે ખુદ તેના માતા-પિતાએ તેના સંતાનોને ગેરકાયદે ગોંધી રાખ્યા છે. આ કેસમાં હાઈકોર્ટની ખંડપીઠે સંતાનોને દાદા-દાદી અને ફોઈ જોડે જ રાખવાનો હુકમ કરી પિતાની અરજીને ફગાવી દીધી છે. આ કિસ્સો સુરતનો છે. અરજદાર પિતાને પહેલા લગ્નથી બે સંતાન થયા હતા. જો કે એ લગ્નજીવન ટક્યું નહોતું અને છુટાછેડા થઇ ગયા હતા. આ છુટાછેડામાં બંને બાળકની કસ્ટડી અરજદાર પિતાને મળી હતી. ત્યારબાદ તે બંને સંતાન સાથે ખુદ તેના જ માતા-પિતાના ઘરે રહેતો હતો. થોડા વર્ષ બાદ તેણે બીજા લગ્ન કર્યા હતા અને ત્યારે તે બીજી પત્ની સાથે જુદો રહેવો જતો રહ્યો હતો. આ તબક્કે તેના માતા-પિતા અને કુટુંબના અન્ય સ્વજનોએ સંતાનોને માતા- પિતાના ઘરે જ રહેવા દેવાનું કહ્યું હતું, જે વાત અરજદારે સ્વીકારી હતી અને સંતાનોને માતા-પિતા અને બહેનો સાથે સ્વેચ્છાએ જ રહેવા દેવાની છૂટ આપી હતી.

જો કે ત્યારબાદ વિવાદ થતાં તેણે સંતાનોની કસ્ટડી માટે કાનૂની જંગ શરૂ કર્યો હતો. આ કેસમાં અરજદાર પિતાએ પુત્ર અને પુત્રીની કસ્ટડી માટે હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી કરી હતી અને દાવો કર્યો હતો કે ખુદ તેના માતા-પિતાએ તેના સંતાનોને ગેરકાયદે રીતે ગોંધી રાખ્યા છે. આ કેસની સુનાવણી બાદ હાઇકોર્ટે આ કેસમાં ચુકાદો આપતાં નોંધ્યું હતું કે, 'કોર્ટે બંને બાળક સાથે પણ વાતચીત કરી હતી અને બંને પક્ષની દલીલો બાદ એવો નિષ્કર્ષ નીકળ્યો છે કે બાળકોનું હિત અને કલ્યાણ દાદા-દાદી અને ફોઈઓ સાથે જ જણાય છે. જેમની સાથે તેઓ જન્મથી જ રહે છે અને તેઓ તેમની સાથે સ્થિરતા, ભાવનાત્મક સુરક્ષા પણ અનુભવે છે. આવા તબક્કે કાયદાની જોગવાઈઓ મુજબ પણ અરજદાર પિતા કસ્ટડીની પાત્રતા સાબિત કરી શકતા નથી, કેમ કે બાળકોનું કલ્યાણ અન્ય લોકો સાથે હોવાનું સુચવે છે. તેથી આ કેસના ગુણદોષને મૂલવવામાં આવે તો પણ અરજદાર એવું ક્યાંય સિદ્ધ કરી શક્યા નથી કે હાલ સંતાનોની કસ્ટડી દાદા-દાદીથી લઈને તેને સોંપવાથી બાળકોના હિતનું રક્ષણ થશે.

### પિતા તંત્ર-મંત્ર વિદ્યાનો અભ્યાસ કરતા હોવાના પુરાવા રજૂ કરાયા

માતાપિતા અને બહેનો તરફથી દલીલો કરવામાં આવી હતી કે પિતા બે સગીર બાળકના કલ્યાણની કાળજી લેવા માટે યોગ્ય વ્યક્તિ નથી. પિતા બેજવાબદાર હતા અને ભલે તે એક તાલીમ પામેલા ફિઝિયોથેરાપિસ્ટ હતા, તેમણે કામ કરવાનું બંધ કરી દીધું હતું અને દારૂડિયા, ભારે ધૂમ્રપાન કરનારા બની ગયા હતા, જેના પરિણામે તેમના પહેલાના લગ્ન નિષ્ફળ ગયા હતા અને છૂટાછેડામાં પરિણમ્યા હતા. કેટલાક વર્ષોથી તંત્ર મંત્ર વિદ્યાનો અભ્યાસ કરી રહ્યા છે.

## માઘસ્નાન માઘસ્નાનવિધિં સ્વામિન્ શ્રોતુમિચ્છામ્યહં પ્રભો !




સમુદ્રને નહિ મળતી જે કોઇ નદીમાં માઘમાસમાં એક દિવસ સ્નાન કરવા માત્રથી ત્રણ દિવસના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે. તેમજ સમુદ્રને મળતી નદીમાં સ્નાન કરવાથી એક પખવાડીયાના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે. અને નદીઓના પતિ સમુદ્રમાં માઘ માસ દરમ્યાન માત્ર એક દિવસ સ્નાન કરવા માત્રથી આખા મહિનાના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે **(તસવીર : સતીષ જાદવ)**

# મારો પતિ અગાઉ પણ બે-ત્રણ દીકરીઓને ભગાડી ચૂક્યો છે

**સરથાણાની** પાટીદાર સગીરાના અપહરણની ઘટનામાં બે સંતાનના પિતા એવા આરોપીની પત્નીની ચોંકાવનારી કબૂલાત

**હોબાળા** બાદ પો.કમિ. ગેહલોતે સરથાણા PI પાસેથી તપાસ આંચકી ક્રાઈમ બ્રાન્ચને સોંપી

સુરતઃ સુરતના સરથાણા વિસ્તારમાં 17 વર્ષીય પાટીદાર સગીરાના અપહરણની ઘટનામાં ભારે હોબાળા અને સરથાણા પોલીસ સ્ટેશનના ઘેરાવ બાદ હરકતમાં આવેલા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે આ કેસની તપાસ તાત્કાલિક અસરથી સરથાણા પોલીસ પાસેથી આંચકી લઈને સુરત ક્રાઈમ બ્રાન્ચને સોંપી દીધી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગુમ થયેલી સગીરાના માતા-પિતા વતનમાં રહે છે અને દીકરી સુરતમાં તેના કાકા સાથે રહેતી હતી. 35 દિવસ પહેલા તેનું અપહરણ થયું હોવા છતાં પોલીસ માત્ર આશ્વાસન જ આપતી રહી હતી. પાટીદાર સેવા સંઘના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે, અપહરણ બાદ આરોપીનો મોબાઈલ ફોન 5 દિવસ સુધી ચાલુ હતો અને તેનું લોકેશન પણ મળી રહ્યું હતું, તેમ છતાં પોલીસે ગંભીર બેદરકારી દાખવી તેને પકડવાની તસ્દી લીધી નહોતી. સમાજની મીટિંગ દરમિયાન ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો કે, સગીરાને ભગાડી જનાર શખ્સ બે સંતાનનો પિતા છે.

વધુમાં, આરોપીની પત્નીએ જ કબૂલાત કરી છે કે તેનો પતિ અગાઉ પણ બે-ત્રણ દીકરીઓને ભગાડી ચૂક્યો છે. આવા રીઢા ગુનેગાર સામે કડક કાયદાકીય પગલાં ભરવાની માગણી સાથે પાટીદાર અગ્રણી વિજય માંગુકિયા અને મોટી સંખ્યામાં યુવાનોએ પોલીસ સ્ટેશન ગજવ્યું હતું. ગુરુવારે રાત્રે પાટીદાર સેવા સંઘની મીટિંગ બાદ સેંકડો લોકોએ પોલીસ સ્ટેશનનો ઘેરાવો કરતા વાતાવરણ તંગ બની ગયું હતું. આ મામલે પોલીસ કમિશનરે પણ PIની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી તેમનો ઉધડો લીધો હતો. હવે આ કેસ ક્રાઈમ બ્રાન્ચના હવાલે છે.

## ગોડાદરામાં 5 વર્ષના બાળકનું તાવમાં મોત

સુરત : ગોડાદરામાં 5 વર્ષના બાળકનું તાવમાં મોત નિપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની બુદ્ધવિલાસ યાદવ હાલ ગોડાદરા વિસ્તારમાં આવેલી ક્રિષ્નાનગર સોસાયટીમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. બુદ્ધવિલાસ ફૂડ ડિલિવરીનું કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેના 5 વર્ષના બાળક આશિષને છેલ્લા ચારેક દિવસથી તાવ, શરદી-ખાંસી હતી. જેથી પરિવારજનોએ મેડિકલ સ્ટોર પરથી દવા લાવીને તેને આપી હતી. દરમિયાન ગુરુવારે બપોરે આશિષની તબિયત વધુ બગડતા તે બેભાન થઈ ગયો હતો. જેથી પરિવારજનો તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

# ક્રેનની દાદાગીરી, વાહનો સાથે લોકોને પણ ઊંચકવા માંડી

**માતાવાડી** વિસ્તારમાં એક યુવકે વિડીયો ઉતારવો શરૂ કર્યો તો ક્રેનના સ્ટાફે બોચીમાંથી ઊંચકી જબરદસ્તી ક્રેઈનમાં ખેંચી લીધો

**વિડીયો** વાયરલ થતાં લોકોમાં ભારે રોષ



સુરતઃ શહેરમાં ટ્રાફિક નિયમોના અમલના નામે કાર્યરત ટ્રાફિક ક્રેન સ્ટાફની દાદાગીરી હવે ખતરનાક સ્તરે પહોંચી ગઈ હોય એવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. માતાવાડી વિસ્તારમાં બનેલી મુખ્ય ઘટનાએ સમગ્ર શહેરમાં રોષ ફેલાવી દીધો છે.

આરોપ છે કે ક્રેનના કેટલાક કર્મચારીઓએ ગુંડાગીરીપૂર્વક યુવકને બોચીમાંથી પકડી જબરદસ્તી ક્રેનની અંદર ખેંચી લીધો. સમગ્ર ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે, જેમાં ક્રેન સ્ટાફની દાદાગીરી અને અહંકાર સ્પષ્ટ નજરે પડે છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે ટ્રાફિક ક્રેન સ્ટાફ હવે નિયમો કરતાં વધુ પોતાની દાદાગીરી ચલાવી રહ્યો છે. નિયમભંગ નહીં હોવા છતાં વાહન ઉઠાવવાની કાર્યવાહી, વિરોધ કરનારને ધમકાવવું અને હવે તો વીડિયો ઉતારનાર યુવકનું અપહરણ સમાન રીતે ક્રેનમાં ખેંચી લેવાની ઘટના ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

# એરપોર્ટને નડતી બિલ્ડિંગ મુદ્દે હાઈકોર્ટ પર નજર

**આયોગે** અરજદાર અને જાગૃત નાગરિક સંજય ઇઝાવાની પ્રશંસા કરી કેસ દફતરે કર્યો

સુરત : સુરત એરપોર્ટને નડતરરૂપ બિલ્ડીંગો તોડવા કલેક્ટરની લાપરવાહી, ત્રણ વર્ષ સુધી કલેક્ટર કોઈ કાર્યવાહી ન કરી શહેર માથે જોખમ રાખી બિલ્ડરોને બચાવવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરી સુરત એરપોર્ટ એક્શન કમિટીના પ્રમુખ સંજય ઈઝાવા દ્વારા ગુજરાત માનવ અધિકાર પંચમાં ફરિયાદ નોંધાવી હતી.

સુરતના કલેક્ટર વતી અધિકારીઓએ આયોગમાં રજૂઆત કરી હતી કે, 41 નડતરરૂપ બિલ્ડિંગનો મામલો ગુજરાતની વડી અદાલતમાં વિચારાધીન છે.

એમાં અમે કોઈ કાર્યવાહી કરી શકીએ એમ નથી. નડતરરૂપ બિલ્ડિંગ્સનો મામલો સબ જ્યુડિશ છે બધા પક્ષો રાહ જુએ. જે બિલ્ડિંગના કેસ કોર્ટમાં નથી, એમાં કાર્યવાહી કરી હોવાનો બચાવ કરતા કહ્યું હતું કે, 21 જેટલા પ્રોજેક્ટના ડેવલેપર/બિલ્ડર દ્વારા હાઈકોર્ટમાંથી મનાઈ હુકમ મેળવેલો છે અને 4 જેટલા પ્રોજેક્ટના ડેવલેપર/બિલ્ડર ત્યાર પછી હાઈકોર્ટમાંથી મનાઈ હુકમ મેળવેલો છે. બાકી રહેલા જશ રેસીડેન્સી હાલ અવરોધ નથી તેમ એરપોર્ટ અથોરીટી દ્વારા જણાવવામાં આવ્યું છે અને રવિ રત્નમ એપાર્ટમેન્ડ અવરોધ દૂર કરવા માટે વરસાદના કારણે વધુ સમય માંગવામાં આવ્યો છે. તા.૧૬.૧૨.૨૦૨૫ ના રોજ થયેલા સુનાવણીમાં સુરત કલેક્ટર વતી મજુરા મામલતદાર એલ.આર.ચૌધરી રજુઆત કરવામાં આવેલી છે કે "રવિ રત્નમ એપાર્ટમેન્ડમાં બી-વિંગનો ભાગ ઉતારી પાડવામાં આવ્યો છે, અને એ-વિંગનો ભાગ ઉતારવાની પ્રક્રિયા ચાલુ છે. જેથી પ્રક્રિયા બે માસમાં પૂર્ણ થઈ જશે. ત્યારબાદ ઓથોરીટીનું NOC મેળવીને રજુ કરીશું. મેટર હાઈકોર્ટમાં પેન્ડીંગ હોય ત્યારે આયોગ આ બાબતે વધુ હસ્તક્ષેપ કરી શકે નહીં. તેમ છતાં જિલ્લા કલેક્ટર સુરત, DGCA તથા સુરત મહાનગરપાલિકા સાથે મળીને નાગરીકોની જાનમાલ સલામતી માટેની યોગ્ય આયોજન કરવું જોઈએ.

# અઠવાગેટના વૈભવ એપાર્ટ.ના ગાર્ડ પર હુમલો

**માનસિક** અસ્વસ્થ વ્યક્તિએ દંડા વડે ઉપરાછાપરી ઘા ઝીંક્યા

સુરતઃ અઠવાગેટ ખાતે વૈભવ એપાર્ટમેન્ટમાં સુરક્ષાગાર્ડ તરીકે ફરજ બજાવતા આધેડ અને તેમના સાથી પર લાકડાના દંડાથી જીવલેણ હુમલો થતાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચી છે.

જહાંગીરપુરા સલીમાબાદ સોસાયટીમાં રહેતા 51 વર્ષીય કરીમભાઈ મીરજીભાઈ સમનાની છેલ્લા ચાર વર્ષથી અઠવાગેટ ખાતે ધીરજ સન્સની બાજુમાં વૈભવ એપાર્ટમેન્ટમાં સુરક્ષાગાર્ડ તરીકે નોકરી કરે છે. બે દિવસ પહેલા વૈભવ એપાર્ટમેન્ટમાં રહેતો સાગર રાજનભાઈ કાપડિયા, જે માનસિક રીતે અસ્વસ્થ હોવાની ચર્ચા છે, અચાનક બહારથી આવી સુરક્ષાગાર્ડની કેબિન પાસે પહોંચ્યો હતો. તેણે કરીમભાઈ પાસે લાકડાનો દંડો માંગ્યો હતો. કરીમભાઈએ દંડો આપવાનો ઈનકાર કરતાં જ આરોપી ઉશ્કેરાયો હતો અને જોરજબરદસ્તી કરીમભાઈ પાસેથી લાકડાનો દંડો છીનવી લીધો હતો. લાકડાના દંડાથી કરીમભાઈના માથાના ભાગે તેમજ ડાબા હાથ પર ઘા ઝીંકી દીધા હતા. કરીમભાઈની બાજુમાં બેઠેલા ઈસ્માઈલ કાકા પર પણ આરોપીએ હુમલો કર્યો હતો. આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક બંને ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બંનેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. કરીમભાઈ સમનાનીની ફરિયાદના આધારે ઉમરા પોલીસે આરોપી સાગર રાજનભાઈ કાપડિયા વિરુદ્ધ હત્યાની કોશિશનો ગુનો દાખલ કર્યો છે.

# 55 વર્ષ બાદ ઈશ્વર સ્મૃતિ ભવન ફરી મનપાના કબજામાં

**સવારે** સેન્ટ્રલ ઝોનના અધિકારીઓએ કબજો લઇ તાળાં મારી દીધાં

### અમારી ગેરહાજરીમાં સામાન રસ્તા પર ફેંકી દેવાયો : યુનિયન

આજે સેન્ટ્રલ ઝોન દ્વારા વહેલી સવારે સાત વાગ્યે મનપાની ટીમ તેમજ સિક્યુરિટી અને પોલીસના દળ કટક સાથે શાહપોર વાંકી બોરડી ખાતેના ઇશ્વર નાયક ભવનના દરવાજા ખોલી યુનિયનનો સામાન બહાર કાઢી મનપાના સીલ મારી દેવાયા હતા. દરમિયાન યુનિનના પ્રમુખ ઇકબાલ શેખે જણાવ્યું હતું કે અમારા ભવનના તાળા તોડી અમારી ગેરહાજરીમાં મનપાએ સામાન રસ્તા પર મુકી દીધો છે, આ મુદ્દે અન્ય યુનિયન અગ્રણીઓ સાથે આવતીકાલે મીટિંગ થયા બાદ આગળના કાર્યક્રમની જાહેરાત કરીશું.

સુરતઃસુરત મહાનગરપાલિકાની યુનિયન રાજનીતિમાં ફરી એક વખત ભારે ખળભળાટ મચી ગયો છે. મનપાના 25 યુનિયન પોતાની કાયદેસરતા પુરવાર કરવામાં નિષ્ફળ ગયા બાદ મુઘલસરાય સ્થિત 11 યુનિયન ઓફિસોના કબજા મનપાએ અગાઉ લઈ લીધા હતા. હવે સેન્ટ્રલ ઝોનના શાહપોર વાંકીબોરડી વિસ્તારની વધુ એક યુનિયન મિલકત પર પણ મનપાએ અંતે કબજો મેળવી લીધો છે.

સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.12માં નોંધ નં.1107 ધરાવતી ગ્રાઉન્ડ ફ્લોર અને એક માળવાળી મિલકત, જે 'ઈશ્વર નાયક ભવન હોલ' તરીકે ઓળખાય છે, તેનો ઉપયોગ સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) યુનિયન દ્વારા કરવામાં આવતો હતો. મનપાના સૂત્રોના જણાવ્યા મુજબ આ મિલકત 70ના દાયકામાં લીઝ પર ફાળવાઈ હતી, પરંતુ ત્યારબાદ લીઝ ક્યારેય રિન્યુ કરવામાં આવી નહોતી. પરિણામે યુનિયન દ્વારા આ મિલકતનો અનઅધિકૃત ઉપયોગ થઈ રહ્યો હોવાનું મનપાના રેકોર્ડમાં નોંધાયું છે.

ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચે આ મુદ્દે સેન્ટ્રલ ઝોનને પત્ર લખી યુનિયન પાસેથી મિલકતની માલિકી અને ફાળવણીના પુરાવા માંગ્યા હતા, જે રજૂ નહીં થતા 1 જાન્યુઆરીએ એક દિવસમાં મિલકત ખાલી કરવાની સૂચના અપાઈ હતી. તેમ છતાં યુનિયન દ્વારા મિલકત ખાલી ન કરાતા અંતે શુક્રવાર, 2 જાન્યુઆરીએ મનપાના સેન્ટ્રલ ઝોન દ્વારા આ મિલકતનો કબજો લઈ લેવાયો હતો. આમ 52 વર્ષ બાદ આ મિલકત ફરી મનપાના કબજામાં આવી છે.

## પુણામાં ડ્રેનેજ લાઈનના ખોદકામ દરમિયાન ગેસ લાઈનમાં ભંગાણ

સુરતઃ પુણા ગામ વિસ્તારની પ્રમુખ છાયા સોસાયટીમાં આજે સવારે ગુજરાત ગેસની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા ગેસ લિકેજ થયો હતો. ફાયર બ્રિગેડનાં સૂત્રો પાસેથી પ્રાપ્ત જાણકારી મુજબ સવારે 9:00 કલાકે પ્રમુખ છાયા સોસાયટીમાં ડ્રેનેજ લાઈનનું કામકાજ ચાલી રહ્યું હતું, તેને કારણે રસ્તાના ખોદકામ દરમિયાન ઓજાર લાગી જતાં ગેસ લાઈનમાં ભંગાણ સર્જાયું હતું, જેથી ગેસ લિકેજ થવા લાગ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમ સાથે ગુજરાત ગેસ કંપનીનો ટેક્નિકલ સ્ટાફ પણ સ્થળ ઉપર પહોંચી જતાં તેમણે પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવી લીધો હતો. બનાવમાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ ન હોવાનું પણ પુણા ફાયર બ્રિગેડનાં સબ ઓફિસર દિનુ પટેલે જણાવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### IDT દ્વારા દીક્ષાંત સમારોહનું આયોજન, 100 વિદ્યાર્થીઓને ડિગ્રી અપાઈ



સુરતઃ સુરતની સંસ્થાન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન એન્ડ ટેક્નોલોજીએ પોતાના 15માં દીક્ષાંત સમારોહનું સુરતની એક હોટલ ખાતે આયોજન કર્યું હતું. આ અવસર પર વિવિધ વર્ષોના વિદ્યાર્થીઓએ પોતાનું શિક્ષણ પૂર્ણ કરી સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યા હતા. કાર્યક્રમમાં નવીન સનાનીએ ફેશન અને ડિઝાઇન ઉદ્યોગમાં AIની વધતી ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. સમારોહમાં વાત કરતાં રાહુલ મહેતાએ વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા અને જણાવ્યું હતું કે, જો વિદ્યાર્થી સ્કૂલમાં ઓછા અંકો મેળવે અથવા ટોપર ન હોય, તો પણ તે જીવનમાં સફળ થઈ શકે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સફળતાનું મુખ્ય આધાર માત્ર અંકો નથી, પરંતુ આત્મવિશ્વાસ, સતત શીખવાની ઇચ્છા અને મહેનત છે.

### ઈન્ટરનેશનલ સ્કૂલ ઓફ જેમ્સ એન્ડ જ્વેલરી દ્વારા પદવીદાન સમારોહ યોજાયો



સુરત : ઇન્ટરનેશનલ સ્કૂલ ઓફ જેમ્સ એન્ડ જ્વેલરી દ્વારા સુરતના વાર્ષિક પદવીદાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 200થી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સમારંભના મુખ્ય અતિથિ તરીકે સુરત શહેરના મેયર દક્ષેશ માવાણીએ હાજર રહી પદવીધારકો અને વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન કર્યું હતું. જ્યારે પો.કમિ. અનુપમસિંહ ગેહલોત અને જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઇપીસી), ગુજરાતના ચેરમેન જયંતિભાઈ સાવલિયાએ પણ ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહી ઉત્સાહ વધાર્યો હતો. ઉપસ્થિત અતિથીઓએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી જેમ્સ તથા જ્વેલરી ઉદ્યોગમાં તેમના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થાય તે માટે શુભકામનાઓ પાઠવી હતી. તેમના પ્રેરણાદાયક પ્રવચનોથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

### દિશા ફાઉન્ડેશનના લીડરશિપ કેમ્પનો પૂર્વ મંત્રી સુરેશ પ્રભુ દ્વારા પ્રારંભ




સુરતઃ દિશા ફાઉન્ડેશન દ્વારા આયોજિત 'Public Leadership Camp 4.0'નોઆજે પ્રારંભ થયો હતો. ઉદ્ઘાટન પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુ દ્વારા કરવામાં આવ્યું. પોતાના પ્રેરક વર્ચ્યુઅલ સંબોધનમાં તેમણે જણાવ્યું હતું કે, "જેમ આપણે પોતાની માંની રક્ષા કરીએ એવીજ રીતે માતૃભૂમિની રક્ષા માટે પ્રતિબદ્ધ રહેવાની જરૂર છેઅને આ કાર્ય દિનેશભાઈનાં માર્ગદર્શનમાં દિશા ફાઉન્ડેશન કરી રહ્યું છે". ઉદ્ઘાટન સત્રનાં અતિથિ વિશેષ તરીકે રાજ્યસભાનાં સાંસદ ગોવિંદ ધોળકીયા, એથર ઈન્ડ.ના અશ્વિન દેસાઈ, ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસી, મિલેનિયમ સ્કૂલનાં સંસ્થાપક અમિત ગજ્જર, દિશા ફાઉન્ડેશનનાં સંસ્થાપક દિનેશ પટેલ, PLC 4.0 નાં કન્વીનર નીરવ માંડલેવાળા, વર્ગ અધિકારી ધીરજ જૈન, સહ સંયોજક રવિ ભદોરીયા અને રોહિત તિવારી હાજર રહ્યા હતાં. કાર્યક્રમમાં ગોવિંદ ધોળકિયાએ યુવાનોને સંબોધિત કરતાં જણાવ્યું કે, "માત્ર ધનવાન બનવું નહીં પરંતુ મૂલ્યવાન બનવું એ આપણું મુખ્ય લક્ષ્ય હોવું જોઈએ." PLC 4.0નાં કન્વીનર નીરવ માંડલેવાળાએ જણાવ્યું હતું કે, આ કેમ્પમાં 15000થી વધુ યુવાનોને સંપર્ક કરવામાં આવ્યો હતો, જેમાંથી ફક્ત 100 યુવાનોને પસંદ કરવામાં આવ્યા છે.

### શ્રી અનાવિલ સખીવૃંદ ચેરિટેબલ ટ્રસ્ટ-સુરત દ્વારા ઝુંબા સેમિનારનું આયોજન

સુરતઃ શ્રી અનાવિલ સખીવૃંદ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા સંસ્થાની બહેનો માટે તા.3 જાન્યુઆરી-2026 ને શનિવારે સમય 4થી 6 pm સંસ્કાર ભવન, શ્રી દયાળજી આશ્રમ મજૂરા ગેટ, સુરત ખાતે સ્વસ્થ રહો, મસ્ત રહો અંતર્ગત એક દિવસીય યોગ અને ઝુંબા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ યોગ ટીચર જિગ્ના દેસાઈ (ઇન્ટરનેશનલ ttc સર્ટિફાઇડ ઇન ઋષિકેશ)ના નિદર્શનમાં કરવામાં આવશે. બેઝિક લર્નિંગ યોગા વિથ ફિન એન્ડ મસ્તીના આ કાર્યક્રમમાં સંસ્થાની બહેનોને પધારવા હાર્દિક આમંત્રણ છે.

### મલ્હાર પરિવાર દ્વારા વર્ષના અંતિમ દિવસે સંગીત સંધ્યા કરી નવા વર્ષનું સ્વાગત કરાયું



સુરતઃ મલ્હાર પરિવાર દ્વારા વરિયાવ ગામ ખાતે લાલા ફાર્મ હાઉસમાં સંગીત સંધ્યાનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં 50 જેટલા મલ્હાર પરિવારના મિત્રોએ ભાગ લઈ પોતાના ગીતો રજૂ કર્યા હતા. રાત્રે 12:00 કલાકે કેક કાપી નવા વર્ષને આવકારી એક અનેરો લ્હાવો લીધો હતો. મલ્હાર પરિવારની એડમિન ટીમના મનહર ચૌહાણ, મનીષ ચાવડા, કેતન દેસાઇ, નિખિલ શેઠ, ઉમેશ રામવાળા દ્વારા રાત્રે એક સાથે ગીતોનો રસથાળ પીરસવામાં આવ્યો હતો. ફાર્મ હાઉસના માલિક દ્વારા આઈસ્ક્રીમની પાર્ટી કરાવવામાં આવી હતી. આ પ્રસંગે એસીપી આહીર ઉપસ્થિત રહ્યા હતા. 100 જેટલા મિત્રોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

### શ્રી પાલવાડા કેળવણી મંડળનો ગૌરવ પર્વ ઉજવાશે

સુરતઃ શ્રી પાલવાડા કેળવણી મંડળ તા.૪/૧/૨૦૨૬ ને રવિવારે ગૌરવ પર્વ-૧૧ની ઉજવણી કરશે. આ કાર્યક્રમમાં પાલવાડા જ સમાજના ગૌરવશાળી વ્યક્તિત્વને પોંખવામાં આવશે, જેમાં સમાજના ગૌરવ સમાન કમલેશભાઇ વ્યાસનું માર્ગદર્શન તથા વિરેન્દ્રભાઇ મજમુદાર, હિતેશભાઈ જોષી, અમૂલભાઇ ભટ્ટ અને કવિતાબેન વ્યાસની પ્રેરક હાજરી રહેશે. આ કાર્યક્રમમાં પીપલોદ S.M.C. ઉમરા કોમ્યુનિટી હોલ ખાતે યોજાશે.

### પાપોનું આશ્રય સ્થાન સુખ, સગવડો અને મોજશોખ છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



સુરતઃ પીપલોદ- ડુમસ રોડ સ્થિત ઓડીકારના શો રૂમની પાછળ આવેલા શ્રી શાંતિનાથ શ્વે. મૂ. પૂ. તપાગચ્છ જૈન સંઘમાં જૈનાચાર્ય વિજય પદ્મદર્શન સૂરિજી મહારાજાએ ધર્મસભાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે; માનવભવનું મૂલ્યાંકન કરતાં જો આવડી જાય તો જીવનમાંથી ઘણાં પાપો દૂર થઇ જાય. પાપોનું આશ્રય સ્થાન સુખ, સગવડો અને મોજશોખ છે. આજનો માણસ સુખ, સગવડ અને મોજશોખને પુરા કરવા ભુરાંટો થયો છે. ન કરવાનાં કામો પણ બિન્દાસપણે કરી રહ્યો છે. અર્થ અને કામનાં ક્ષેત્રે અત્યારે જે બેફામપણું ચાલી રહ્યું છે તે માણસને કઇ હદ સુધી લઇ ન જાય તે મોટો સવાલ છે. સંતોષ, સાદગી, કરકસર અને આંધળા અનુકરણનો ત્યાગ જો માણસની પાસે આવી જાય તો માણસ 'વિશ્વસમ્રાટ'બની શકે તેમ છે. સમુદ્ર, સ્મશાન અને આગ ક્યારેય તૃપ્ત થતા નથી એ જ રીતે આજના માણસ પાસે ગમે તેટલું હોય છતાં તે અતૃપ્ત જ રહે છે.